# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-09-2025 Day: Friday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## PM – આવતીકાલે રાજ્યની મુલાકાતે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રાજ્યના પ્રવાસે આવશે. તેઓ ભાવનગર અને અમદાવાદની મુલાકાત લેશે. તેમના આગમનને લઈ ભાવનગરમાં તડામાર તૈયારી ચાલી રહી છે. ત્યારે ગઇકાલે ધારાસભ્ય જીતુ વાઘાણીએ મહિલા મહાવિદ્યાલયથી રૂપાણી વર્તુળ સુધી પ્રધાનમંત્રીના રોડ શૉ માર્ગનું નિરીક્ષણ કર્યું.

ભાવનગરમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા યોજાયેલી પત્રકાર પરિષદમાં કેન્દ્રીય રાજ્યમંત્રી નીમુબેન બાંભણિયા અને શ્રી વાઘાણીએ પ્રધાનમંત્રી દ્વારા લોકાર્પણ થનારા વિકાસકાર્યોની માહિતી રજૂ કરી. સાથે જ તૈયારીઓ અને વ્યવસ્થાની સમીક્ષા પણ કરી.

--------------------------------------------------------------------------------

## જિલ્લામાં મધ્યમ સિંચાઇ યોજનામાં જળસંગ્રહ 85 ટકાએ પહોંચ્યો

જિલ્લામાં સાર્વત્રિક મેઘમહેરનાં પગલે જિલ્લાના મધ્યમ સિંચાઈ યોજનાના ડેમોમાં જળસંગ્રહ 25 ટકા વધીને 85 ટકાએ પહોંચ્યો છે. આ વર્ષે કચ્છમાં 135 ટકા વરસાદ અત્યાર સુધી વરસી ચૂક્યો છે. સત્તાવાર રીતે મળેલી વિગત અનુસાર મધ્યમ સિંચાઈ યોજનાના 20 પૈકી 13 ડેમ ઓવરફ્લો થયા છે, જ્યારે બાકીના સાત ડેમમાં 50 ટકાથી લઈ 90 ટકા જેટલો જળસંગ્રહ થયેલો છે. મધ્યમ સિંચાઈ યોજનાના ડેમોની કુલ જળસંગ્રહ શક્તિ 325.26 મિલિયન ક્યુબિક મીટર છે. તેની સામે અત્યાર સુધી 277.22 મિલિયન ક્યુબિક મીટર પાણીનો જથ્થો સંગ્રહિત થયેલો છે. 13 ડેમ ઓવરફ્લો થવા સાથે ચાર ડેમ એવા છે કે, જેમાં 70 ટકાથી વધુ જળસંગ્રહ થવાનાં કારણે એલર્ટ પર મૂકવામાં આવ્યા છે. કચ્છના સૌથી મોટા એવા રુદ્રમાતા

ડેમમાં અત્યાર સુધી 60 ટકા જેટલો જળસંગ્રહ થયો છે. જેને પગલે શિયાળુ પાકનાં વાવેતર માટે પિયતની ચિંતા હવે ટળી છે.

-----------------------------------------------------------------------------------

## જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચઅધિકારીઓની ઇન્ડિયન આર્મી દ્વારા રણસરહદની મુલાકાત

નાગરિકો દેશની લશ્કરી કામગીરીથી અવગત થાય તે હેતુથી ઈન્ડિયન આર્મી દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જિલ્લા કલેક્ટર આનંદ પટેલ સહિત જિલ્લા વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ માટે ઈન્ડિયન આર્મીએ કચ્છના રણ સરહદની મુલાકાતનું આયોજન કર્યું હતું. જે અંતર્ગત વિવિધ લશ્કરી દળો કેવી રીતે અને કયા કયા પડકારો વચ્ચે કામ કરે છે તેમજ વહીવટીતંત્ર અને ઈન્ડિયન આર્મી વચ્ચે સંકલન વધારવાના હેતુથી આંતરરાષ્ટ્રીય સરહદની સંયુક્ત મુલાકાત યોજાઈ હતી.

આ મુલાકાત દરમિયાન જિલ્લા કલેક્ટર અને જિલ્લાના ઉચ્ચ અધિકારીઓને રણમાં સેનાની કામગીરી વિશે બ્રીફિંગ કરવામાં આવ્યું હતું. આ મુલાકાતમાં બોર્ડર સિક્યોરિટી ફોર્સની આઉટ પોસ્ટની કામગીરી અને ભારતીય સેનાની વિવિધ રક્ષણાત્મક તૈયારી વિશે જાણકારી આપવામાં આવી હતી. સેના દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા નવી પેઢીના શસ્ત્રો, અત્યાધુનિક રક્ષા પ્રણાલીઓ અને વિષમ વિસ્તારમાં ઉપયોગમાં લેવાતા વિશિષ્ટ રીતે ડિઝાઈન કરવામાં આવેલા વાહનો વિશે પણ જાણકારી આપવામાં આવી હતી.

-----------------------------------------------------------------------------------

## ગાંધીધામ મ.ન.પા.નું સીમાંકન જાહેર

કચ્છની સૌ પ્રથમ  અ વર્ગની નગરપાલિકા અને કચ્છની પ્રથમ  મહાનગરપાલિકા બનેલી ગાંધીધામ મ.ન.પા.નું વોર્ડ સીમાંકન  જાહેર થયું છે. નવા સમાવિષ્ટ નવા વિસ્તારના ત્રણ વોર્ડ બનાવાયા છે, જ્યારે ગાંધીધામ-આદિપુરના 10 વોર્ડ બનાવાયા છે. નગરપાલિકા સમયના જૂના વોર્ડના નંબરોમાં પણ બદલાવ આવ્યો છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા વર્ષ

2011ની વસ્તી ગણતરી પ્રમાણે વોર્ડનું સીમાંકન જાહેર કરવામાં આવ્યું છે. પ્રાથમિક આદેશમાં જણાવ્યા પ્રમાણે મહાનગરપાલિકાની બાવન બેઠક જાહેર કરવામાં આવી છે . જાહેરનામા પ્રમાણે મહાનગરપાલિકાને 13 વોર્ડમાં વહેચાવામાં આવી છે. ભૌગોલિક એક જૂથતા, રેલવેલાઈન, નદી, રોડલાઈનના કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એક સરખા વોર્ડ બની રહે તે બાબતને ધ્યાનમાં રાખીને વોર્ડનું સીમાંકન કરાયું છે.

---------------------------------------------------------------------------------------------

## ગાંધીધામ – મેદસ્વિતા મુક્ત ગુજરાત શિબિર

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માર્ગદર્શન હેઠળ મેદસ્વિતા મુક્ત ગુજરાત શિબિર અંતર્ગત, સિંધિ સમાજના સહયોગથી ગાંધીધામ ખાતે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં મોટી સંખ્યામાં યોગપ્રેમીઓએ ઉપસ્થિત રહી યોગાભ્યાસ તથા આરોગ્યપ્રદ જીવનશૈલી વિશે જાણકારી મેળવી હતી. આ અવસરે પતંજલિ પરિવાર, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સભ્યો તથા ડૉક્ટર્સ ટીમ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ શિબિરમાં વિવિધ લોકોએ ઉત્સાહભેર જોડાઈને યોગાભ્યાસ કર્યા હતા અને તબીબી માર્ગદર્શન મેળવ્યું હતું.

---------------------------------------------------------------------------------------------

## GST ફેરફારને બાંધકામક્ષેત્રના લોકો દ્વારા આવકાર

વસ્તુ અને સેવા કર- **GST** પરિષદે કરમાળખામાં ઘટાડાના નિર્ણયને રાજ્યભરમાં વ્યાપક આવકાર મળી રહ્યો છે. પરિષદે લોકોનું જીવન સરળ બનાવવા અનેક ક્ષેત્રમાં કરના દર ઘટાડ્યા છે. આગામી 22 તારીખે અમલમાં આવનારા નવા દરથી બાંધકામ ક્ષેત્રે સંકળાયેલા લોકો અને સામાન્ય નાગરિકને પણ ઘણો લાભ થશે. તેવું આ ક્ષેત્રના નિષ્ણાતો માની રહ્યા છે.

---------------------------------------------------------------------------------------------

## ક્રિકેટ

એશિયા કપ ક્રિકેટ સ્પર્ધામાં આજે દુબઇ ખાતે ભારત અને ઓમાન વચ્ચે મેચ રમાશે. મેચ ભારતીય સમય મુજબ રાતે આઠ વાગ્યે શરૂ થશે. ભારતે સંયુક્ત આરબ અમીરાત અને પાકિસ્તાન સામે મેચ જીતી મોખરાનું સ્થાન મેળવ્યું છે.

---------------------------------------------------------------------------------------------